## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અમે મૂળભૂત રીતે યુનિટીમાં જ માનીએ છીએ... સરદાર જેવા બધા પ્રભાવશાળી નેતા ભલેને વિરોધ પક્ષના હોય પરંતુ અમે તેને સમાવી લઈએ છીએ...

# કલોલથી ઈન્ડીકામાં બેસાડી ટોળકીએ વેપારીના ૬૦ હજાર સેરવી લીધા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં રાત્રીના અંધારામાં રીક્ષામાં એકલ-દોકલ મુસાફરોને બેસાડીને લુંટી લેવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે ઈન્ડીકા કાર સાથે ફરતી ટોળકીએ એક વેપારીને રૂ. ૬૦ હજાર સેરવી લીધાની ઘટના સામે આવી છે.

અમદાવાદના વેપારી મહેસાણાથી પોતાની ઉઘરાણી કરીને આવી રહ્યા હતા. ત્યારે ઈન્ડીકા ચાલકે તેમને કલોલથી મુસાફર તરીકે બેસાડ્યા હતા. આ કારમાં અગાઉથી ૪ શખ્સો બેઠા હતા. અન્ય ૩ શખ્સોએ વાંધો ઉઠાવતા વેપારીને અડાલજ ઉતારી મુક્યા હતા. ત્યારબાદ વેપારીને જાણ થઈ હતી કે તેમની બેગમાંથી રૂ. ૬૦ હજાર ચોરાઈ ગયા હોવાનું ધ્યાને આવ્યુ હતુ. આ બનાવ અંગે વેપારીએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ કુબેરનગરની સુદર્શન બંગ્લોઝ, ભાગ્યોદય સોસાયટી ખાતે રહેતા અને ઉત્તર ગુજરાતમાં મરચાનો કમિશનથી વેપાર કરતા અનિલભાઈ તુલસીભાઈ પ્રજાપતિ મૂળ જૂનાગઢના રહેવાસી છે. અનિલભાઈની ફરિયાદ પ્રમાણે તેઓ ગત તા. ૨૯મી જૂનના રોજ સવારે ઘરેથી નીકળ્યા હતા અને મહેસાણા, જોટાણા તેમજ કલોલ વેચેલ મરચાના પૈસાની ઉઘરાણી કરવા ગયા હતા. કલોલમાં સાડા પાંચ વાગી ચુક્યા હતા. અમદાવાદ જવાની રાહ જોઈને ઉભા હતા ત્યારે સિલ્વર કલરની ટાટા ઈન્ડીકા કાર નં. જીજે.૧૬.એજે.૩૩૧૧ પેસેન્જર લેવા માટે ઉભી હતી. અનિલભાઈએ સુભાષબ્રિજ જતી હોવાનુ પુછતા ડ્રાઈવરે હા પાડીને પાછળની સીટમાં બેસાડ્યા હતા. જેમાં ૪ ઈસમો પહેલેથી બેઠા હતા. ત્યારે અનિલભાઈએ કીધુ મને પાછળ ફાવશે નહી. ત્યારે શખ્સોએ કીધુ અમને પણ ફાવતુ નથી. અમોને ઉતારી દો. ડ્રાઈવરે અનીલભાઈને ત્રિ-મંદિર પાસે ઉતારી દીધા હતા અને ભાગી ગયા હતા. ત્યારબાદ બેગ ચેક કરતા રૂ. ૬૦ હજાર ગાયબ હતા. પરંતુ ફરીયાદ નોંધાવી ન હતી. ત્યારે વેરાવળ ખાતે આ ગેંગના સભ્યો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. ત્યાં અમદાવાદમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર તેમના સ્નેહીજનને ખબર હોવાથી અનીલભાઈને વ્હોટ્સએપ કર્યો હતો. ત્યારબાદ એ જ ઈન્ડીકા કાર હોવાથી અનીલભાઈએ અડાલજ પોલીસે ફરીયાદ આપતા પોલીસ આરોપીઓને લેવા માટે જૂનાગઢ જવા રવાના થઈ છે.




**રાજ્યકક્ષાની રોલબોલ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની ગર્લ્સ ટીમ રનર્સ અપ**

ગાંધીનગરની શાળાઓની રોલબોલ રમતની ટીમોએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. વડોદરા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ગાંધીનગર ગ્રામ્ય ગર્લ્સ ટીમ રનર્સઅપ બનવા પામી છે. રાજ્યકક્ષાની રોલબોલ ટૂર્નામેન્ટમાં રાજ્યભરમાંથી ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અન્ડર-૧૪માં ગર્લ્સ વિભાગમાં ગાંધીનગર ગ્રામ્ય ટીમે સુરતની ટીમને ૨-૦થી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને છેલ્લે રનર્સઅપ રહી હતી. રાજ્યકક્ષાએ આ ટીમના ઉત્કૃષ્ઠ પ્રદર્શનને કારણે સમગ્ર ગાંધીનગર જિલ્લાનુ નામ રોશન કર્યુ છે. આ ટીમમાં સ્કૂલ ઓફ એચિવરની હિતમ પ્રજાપતિ, જીયા પટેલ, રોશની પટેલ, નિત્યા પટેલ, જૈની પટેલ, પ્રિન્સી પટેલ, ક્રિષ્ના પટેલ તથા માઉન્ટ કાર્મેલ સ્કૂલમાંથી દિયા શાહ અને ચાર્મી ચૌહાણની પસંદગી થવા પામી હતી. આ ટીમના કોચ ભાર્ગવ આયરે ખેલાડીઓને અભિનંદન સાથે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામે અને ગાંધીનગર સહિત ગુજરાતનું નામ રોશન કરે તે માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# વાર્ષિક વર્કપ્લાનનું અસરકારક અમલીકરણ થકી પ્રજાભિમુખ તંત્ર બને : હિતેશ કોયા

### મહેસુલી વેરા સહિતની વસુલાત માટે સઘન આયોજન જરુરી છે : સમય મર્યાદાનું પાલન થવું જોઈએ

ગાંધીનગર, તા.૯

પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ લોકાભિમુખ બનાવવા માટે વિકાસ કમિશનરની કચેરી દ્વારા સૂચિત કરાયેલ વાર્ષિક વર્કપ્લાનનું કડકાઈથી અમલીકરણ કરાશે તેમ આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયાએ જણાવ્યું હતું.

પંચાયતની તમામ શાખાના અધિકારીઓની આજે બોલાવેલી બેઠકમાં આ વર્કપ્લાનમાં જે અવધિ અપાઈ છે તેમાં કોઈ જ કસર ના રહેવી જોઈએ એટલું જ નહિ પણ સમય મર્યાદામાં કામ સંપન્ન કરવા પણ કડક સૂચના આપી છે.

ગામતળની દરખાસ્તો હોય કે સરદાર આવાસ યોજનાના કામો તેને નિયત સમય મર્યાદામાં પુરા કરવા ઉપરાંત નવા પંચાયત ઘર, ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટના કામો, તેના સામાજિક ઓડિટ સહિતની તમામ બાબતોમાં સમય મર્યાદાનું પાલન થાય તે જરૂરી હોવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં કચેરીને મળેલ અરજીઓનો પણ સમય મર્યાદામાં નિકાલ થાય તે જોવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ખુબ જ આગ્રહ કર્યો હતો. પેન્શન નોડેલો કે પગાર બાંધણીના કેસોના ઝડપી નિકાલ માટે પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા પર તેમણે ભાર મુકયો હતો.

આ બેઠકમાં જિલ્લાની મહેસુલી કર, લોકલ ફંડ શેષ, શિક્ષણ ઉપકરની વસુલાતનું જે નબળુ ચિત્ર ઉપસી રહ્યું છે તે સામે નારાજગી વ્યકત કરી તેમણે જણાવ્યું હતું કે પંચાયતી હિસાબી વર્ષ પૂર્ણ થવામાં હજુ દોઢ મહિના જેટલો સમય છે. આ વસુલાત માટે સઘન આયોજનો કરવા અને જરૂર પડયે વિશેષ કેમ્પો યોજવા પણ તેમણે સૂચવ્યું હતું.

વહીવટી તંત્ર સંવેદનશીલતા સાથે લોકાભિમુખ બને તેવો આગ્રહ કરતાં અધિકારીઓને ક્ષેત્રીય કચેરીઓની પણ નિયમિત સમયાંતરે મુલાકાત લેવામાં આવે તેમ જણાવ્યું હતું.

# સે. ૧માં પીઆઈની ગાડીનો કાચ તોડી દસ્તાવેજોની ચોરી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સેક્ટર-૧ના પ્લોટ નં. ૫૪૭ ખાતે રહેતા અને મહિસાગર જિલ્લામાં લુણાવાડા ખાતે પીઆઈ તરીકે ફરજ બજાવતા દિલિપસિંહ રાવે સે. ૭માં પોલીસ મથકે નોંધાવેલ ફરીયાદ પ્રમાણે ગત રવિવારે બપોરના સુમારે પોતાની કાર નં. જીજે.૩૧.એ.૩૩૯૬ ઘર પાસે પાર્ક કરી ઘરમાં ગયા હતા. બપોરે ૪ કલાકે ઘરની બહાર નીકળ્યા તો ડ્રાઈવર સાઈડના દરવાજાનો કાચ તુટેલો હતો. કારમાં પાછળ પડેલી કાળા કલરની બેગ પણ ગાયબ હતી. જે બેગમાં સુમનસીટીમાં આવેલી પત્નીની દુકાનના અસલી દસ્તાવેજો, ઈન્ફોસીટી ખાતે આવેલ દિકરા યુવરાજસિંહની દુકાનના અસલ દસ્તાવેજો સહિત અન્ય કેટલાક અગત્યના દસ્તાવેજ તેમજ પુત્રવધુના અભ્યાસને લગતા સર્ટીફિકેટ સહિતના જરૂરી કાગળો બેગમાં હતા જે ચોરાઈ ગયા હતા. દિલીપસિંહ રાવે સે. ૭ પોલીસમાં નોંધાવેલ ફરીયાદને આધારે પોલીસે આ દિશામાં આગળની તપાસ હાથ ધરી છે.

# ડભોડા પોલીસે બીયરના ટીન ભરીને જતી કાર ઝડપી

ગાંધીનગર, તા.૯

આજે સવારના સુમારે રાયપુર બસ સ્ટેન્ડ પાસેથી ફિલ્મી ઢબે પીછો કરીને બીયરના ટીન ભરેલી સ્વીફ્ટ ડિઝાયર કાર ડભોડા પોલીસે ઝડપી પાડી છે. પોલીસે કારમાં તપાસ કરતા બિયરના ટીન નંગ-૩૧૨ કિ.રૂ.૩૧,૨૦૦ તેમજ ગાડી કિં.રૂ.૧.૫૦ લાખ મળીને કુલ રૂ. ૧.૮૧.૨૦૦નો મુદ્દામાલ ઝપ્ત કરીને ડભોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વિગત મુજબ આજે સવારના ૧૦.૩૦ કલાકના અરસામાં ડભોડા પોલીસ નાકા પર પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પોલીસે બાતમી વાળી સ્વીફ્ટ ડિઝાયર કારને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકે કાર દોડાવી મુકી હતી. પોલીસે તેનો પીછો કરતા કાર રાયપુર બસ સ્ટેન્ડ પાસે ડિવાઈડરને અડી જતા અકસ્માત થયેલી હાલતમાં મળી આવી હતી. અકસ્માત થતા ચાલક કારને મુકીને ભાગી ગયો હતો. પોલીસે કારમાં તપાસ કરતા બિયરના ટીન નંગ-૩૧૨ મળી આવ્યા હતા. બિયરના ટીન ૩૧૨ કિ.રૂ.૩૧,૨૦૦ અને કાર કિ.રૂ. ૧.૫૦ લાખ મળીને કુલ રૂ. ૧.૮૧.૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ એચ.જી. દેસાઈ ચલાવી રહ્યા છે.

### ૧૨મીએ શિક્ષણમંત્રી ચુડાસમા મહુડી જશે

# ૨.૭૫ કરોડના ખર્ચે અતિ આધુનિક ગ્રીન સ્કુલનું શિક્ષણ મંત્રીના હસ્તે લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા.૯

રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ૧૨મી જુલાઈના રોજ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે.

મહુડી ખાતે મહુડી પ્રા. શાળા નં.૧નું નવું મકાન જે રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે તેનું લોકાર્પણ શિક્ષણમંત્રીશ્રીના હસ્તે થશે.

આ માટે શિક્ષણ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગ્રીન સ્કુલના વિચારને લઈ આધુનિક સુવિધાઓ સાથે આ શાળાનું મકાન નવનિર્મિત કરવામાં આવ્યું છે.

સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ મકાનની ડિઝાઈન તેમજ બાંધકામનું મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.

૧૮ વર્ગખંડની બે માળ ધરાવતી આ શાળામાં કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાનની પ્રયોગશાળા તેમજ ગ્રંથાલયની વિશેષ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. આચાર્ય માટે ખાસ કચેરી પણ રહેશે. જયાંથી વહીવટીય કામગીરી પર તેઓ સીધી દેખરેખ રાખી શકશે.

આ શાળામાં વરસાદી પાણીના સંગ્રહ માટે પરકોલેટેડ વેલ બનાવવામાં આવ્યો છે એટલું જ નહિ મધ્યાહન ભોજન યોજના માટે અલાયદો ખંડ, રસોડું પણ ઉભું કરવામાં આવ્યું છે.

અહીં પાણીના વેસ્ટમાંથી બેસ્ટના ઉપયોગનો સંદેશ આપવા માટે શાળાના ખુલ્લા મેદાનમાં ખાસ વૃક્ષોનું વાવેતર કરી અને તેને ઉછેરવામાં આવશે એટલું જ નહિ તેના ઉછેર માટે જે તે વર્ગને દત્તક વૃક્ષ આપવામાં આવશે.

મહુડી એ આમેય જાણીતું જૈન તીર્થધામ હોવાથી સરકારના શિક્ષણ વિભાગે યાત્રિકોને શાળા જોવાનું મન થાય તે રીતે આધુનિકતા સાથે જળસંચય અને વૃક્ષ એજ જીવનનો સંદેશ મળે તેનો ખાસ ખ્યાલ રાખ્યો છે.

આવી જ એક ગ્રીન સ્કુલ બિલ્ડીંગ કલોલ તાલુકાના નારદીપુર ગામે બનાવવામાં આવી છે. હવે માણસા તાલુકાના મહુડી ખાતે આ બીજી શાળા બનશે. નારદીપુરના ગ્રીનસ્કુલની ડિઝાઈન પછી તેમાં કેટલાક સુધારા-વધારા સાથેની આ અત્યંત આધુનિક શાળા બનશે.




પેથાપુર-મહુડી માર્ગ પર ઉનાવા પાટીયા પાસે આજે બપોરના સુમારે બે આઈવા ટ્રક સામ-સામે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. બંન્ને ટ્રકનો ખુડદો બોલી ગયો હતો. અકસ્માતને પગલે એક આઈવા ટ્રકમાં ડ્રાઈવર ખુબ ગંભીર રીતે ઘવાયેલી હાલતમાં ફસાઈ ગયો હતો. તેને તાત્કાલીક ગ્રામજનો દ્વારા બહાર નીકાળવામાં આવ્યો હતો અને સારવાર માટે ૧૦૮ ની મદદથી સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે થોડા સમય માટે મહુડી માર્ગ પર ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

# શક્તિ પ્રોજેકટનું લોન્ચિંગ ૧૧મી જુલાઈએ થશે : ડાભી

ગાંધીનગર, તા. ૯

કોંગ્રેસના સંગઠનને વધુ જોમવંતુ બનાવવા તથા પાયાના કાર્યકરોનો અવાજ રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોચી શકે તેવા ઉમદા હેતુથી અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીના ડ્રીમ પ્રોજેક્ટ "શક્તિ"નું લોન્ચીંગ રાજયકક્ષાએ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું તેને જીલ્લા કક્ષાએ પહોચાડીને ગુજરાતના દરેક જીલ્લામાં શકિત પ્રોજેકટનું લોન્ચીંગ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટને પાયાના સ્તસ્તર સુધી પહોચાડવા માટે ગાંધીનગર જીલ્લાની દરેક જીલ્લા પંચાયત સીટ પર શક્તિ પ્રોજેક્ટનું લોન્ચીંગ બુધવાર ૧૧-૭-૨૦૧૮ સવારે ૧૧ કલાકે કરવામાં આવશે.

સમગ્ર જીલ્લામાં પાયાના સ્તરે બુથ લેવલે પક્ષના સંગઠનને મજબુત કરવા માટે સમગ્ર જીલ્લાની પાંચ વિધાનસભામાં જનમિત્રની નિમણુકનું કાર્ય જ્યાં બાકી હોય તેની કાર્યવાહી ત્રણ દિવસમાં પૂરી કરવા માટે દરેક ચૂંટાયેલા પ્રતિનિધિને જણાવવામાં આવ્યું છે. તેમજ માણસા વિધાન સભા વિસ્તારમાં નિમણુક પામેલા જનમિત્રનું વેરીફીકેસનનું કામ પણ ૧૧-૭-૨૦૧૮, બુધવારના રોજ સવારે ૧૧ કલાકે માણસા કોંગ્રેસ કાર્યાલય ખાતેથી શરૂ કરવામાં આવશે. તેવું જીલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની ચુંટણી તા-૧૦-૭-૨૦૧૮ના રોજ યોજાનાર છે. કોંગ્રેસ પક્ષના મેન્ડેટ મુજબ ચૂંટાયેલ બંને ચેરમેનો તા-૧૧-૭-૨૦૧૮ના રોજ ૧૧ કલાકે તાલુકા પંચાયત કચેરી, ગાંધીનગર ખાતે પદ ગ્રહણ કરવાના હોઈ તે પ્રસંગે જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા જીલ્લા પંચાયતના પ્રમુખ, ધારાસભ્યો, કોંગ્રેસ પક્ષના જીલ્લાના સર્વે પદાધીકારીઓ, આગેવાનો, કાર્યકરો આ પદ ગ્રહણ સમારંભમાં હાજર રહેવા જીલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.



શહેરના સેક્ટર-૩૦ ખાતે મુક્તિધામ ખાતે મહાનગર પાલિકા અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ વૃક્ષોનું વાવેતર કર્યુ હતુ.

# ગાંધીનગરમાં આજે મેગા જોબફેર યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા મેગા જોબફેરનું આયોજન તા. ૧૦મી જુલાઇ, ૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકથી બ્રહ્મ સમાજ ભવન, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ જોબફેરમાં ધોરણ-૧૦,૧૨, આઇ.ટી.આઇ અને ગ્રેજ્યુએટ થયેલા નોકરી વાચ્છુક યુવાનો ભાગ લઇ શકશે.

મેગા જોબફેરમાં ઔધોગિક ક્ષેત્રે વિવિધ સેકટરો જેવા કે મેનુફેક્ચરીંગ, બેન્કિંગ-ફાઇનાન્સ, સેલ્સ એન્ડ રીટેઇલ, આઇ.ટી., સિક્યુરીટી સર્વિસીસ વગેરેમાં ખાલી જગ્યાઓ ઉપલબ્ધ કરાવી રોજગારી પૂરી પાડી શકાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ જોબફેરમાં અરવિંદ મીલ, કિચન એક્ષ્પ્રેસ, શ્રીરામ ટ્રાન્સપોર્ટ, અલ્ફાબીટ જેવી ૧૭ કંપનીઓ ભાગ લેશે. ભાગ લેનાર ઉમેદવારોએ ફક્ત બાયોડેટાની ઓછામાં ઓછી પાંચ નકલ સાથે લઈને આવવાનું રેહશે, તેવું રોજગાર અધિકારીએ જણાવ્યું છે.



ગાંધીનગરના શ્રી લક્ષ્મીનારાયણ દેવ સત્સંગ સમાજ દ્વારા સતત ચોથા વર્ષે સેક્ટર-૬માં સરકારી પ્રાથમિક શાળાના બાળકોને વિના મૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં શાળાના તમામ ૨૫૦ બાળકોને આવરી લેવાયા હતા. આ પ્રસંગે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ધાંધર તથા શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ અને સંસ્થાના ટ્રસ્ટીઓ સહિત અગ્રણી હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર સહિત રાજ્યમાં ૧૬૪થી વધુ રથયાત્રા નિકળશે

ગાંધીનગર,તા.૯

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રથયાત્રા એ દેશભરમાં શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું પ્રતિક છે ત્યારે રાજ્યભરમાં ૧૬૪ જેટલી રથયાત્રા-શોભાયાત્રા શ્રદ્ધાપૂર્વક વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ગૃહ વિભાગ સુસજ્જ છે. તા. ૧૪મી જુલાઈના રોજ રાજ્યભરમાં યોજાનાર રથયાત્રા-શોભાયાત્રા સંદર્ભે આજે ગાંધીનગર ખાતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરતા મંત્રી જાડેજાએ ઉમેર્યું હતું કે, અમદાવાદ શહેર સહિત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૧૬૪ જેટલી રથયાત્રા-શોભાયાત્રા નીકળે છે. આ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના સીધા માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગે વિશેષ કાળજી લઈને પૂરતો બંદોબસ્ત ગોઠવવાનું આયોજન કર્યું છે. રથયાત્રા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કોમી એખલાસનું વાતાવરણ જળવાઈ રહે તે માટે ખાસ પગલાં લેવાયા છે. અમદાવાદ સહિત જિલ્લાઓમાં યોજાનાર રથયાત્રાનું રાજ્યકક્ષાએથી સતત મોનીટરીંગ કરાશે. જાડેજાએ ઉમેર્યું કે, ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની ૧૧૭, અન્ય દેવી-દેવતાઓની ૪૭ મળી કુલ ૧૬૪ રથયાત્રા-શોભાયાત્રા નીકળશે. જેમાં ૧૫ જિલ્લામાં મોટી જનમેદનીવાળી ૧૮ સંવેદનશીલ રથયાત્રાઓ છે. આ માટે ખાસ ધ્યાન કેન્દ્રીય કરાયું છે. તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં યોજાનાર રથયાત્રા સંદર્ભે એસપી, ડીવાયએસપી કક્ષાના અધિકારીઓની નિયુક્ત કરીને પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર જિલ્લામાં કુલ ૧૧ જેટલી રથયાત્રા નીકળનાર છે તે અંગે ૧ આઈજી, ડીઆઈજી, ૧ એસપી, ૧૫ ડીવાયએસપી, ૩૬ પીઆઈ, ૧૧૦ પીએસઆઈ, કક્ષાના અધિકારીને જવાબદારી સોંપાઈ છે. એજ રીતે આણંદ જિલ્લામાં ૧૫ રથયાત્રા સંદર્ભે ૧ આઈજી, ડીઆઈજી, ૧ એસપી, ૬ ડીવાયએસપી, ૧૯ પીઆઈ, ૬૬ પીએસઆઈ તથા વડોદરા શહેરમાં યોજાનાર રથયાત્રા સંદર્ભે ૧૦ પીઆઈ અને ૨૦ પીએસઆઈ કક્ષાના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૭ જેટલી એસઆરપીએફની કંપનીઓ સ્ટેન્ડબાય રહેશે જે આકસ્મિક સંજોગોમાં રાજ્યના પોલીસ વડા દ્વારા ફાળવવામાં આવશે.

આ બેઠકમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમએસ ડાગુર, ગૃહ વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલ, રાજ્યના ડીજીપી શીવાનંદ ઝા, એડીશનલ ડીજીપી વીએમ પારઘી, સીઆઈડી ઈન્ટેલીજન્સના ઈન્ચાર્જ ડીજીપી આરબી બ્રહ્મભટ્ટે ઉપસ્થિત રહી પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી જરૂરી પરામર્શ કર્યો હતો.

# આવતીકાલે મધ્યાન ભોજન યોજના તથા આંગણવાડી કેન્દ્રોની કામગીરીની ચર્ચા- વિચારણા

ગાંધીનગર જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીની અદ્યતન પરિસ્થિતિ તથા મધ્યાન ભોજન યોજના કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રોની કામગીરીની રાષ્ટ્રીય અન્ન કાયદા-૨૦૧૩ સંદર્ભે ચર્ચા-વિચારણા કરવા માટે એક બેઠકનું આયોજન તા. ૧૧મી જુલાઈના રોજ બપોરના ૩.૦૦ કલાકે કમિટી રૂમ, કલેકટર કચેરી, સેકટર-૧૧ ખાતે કરવામાં આવ્યું છે. આ બેઠક ગુજરાત રાજય અન્ન આયોગના સભ્ય સચિવ શ્રી એમ.એ. નરમાવાલા (આઈ.એ.એસ – નિવૃત્ત) તથા સભ્ય શ્રી નીતિનભાઈ શાહના અધ્યક્ષ સ્થાને યોજાશે.